## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




એક સારા કલાયંટ ટેબલ નંબર સાત પર આવ્યા છે... સેવ - ટામેટાનાં શાકની ફુલ પ્લેટ ઓર્ડર કર્યો છે...!!

# પાલજ પાસેથી ટ્રકમાંથી રૂ.૪૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**ભુસાની આડમાં દારૂની હેરાફેરીની પોલીસે પર્દાફાશ કર્યો, પોલીસે રૂ.૫૦.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની ધરપકડ કરી**



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પાલજ ગામના બ્રીજના છેડા ઉપરથી ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યો છે. ભુંસાની આડમાં આંતર રાજય વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. પોલીસે ટ્રકમાંથી રૂ.૪૦ લાખથી વધુ કિંમતની દારૂની ૧૦,૩૫૬ બોટલ કબ્જે કરી છે. પોલીસે ટ્રક, દારૂ, મોબાઈલ નંગ-૨, રોકડા રૂ.૧૦,૫૦૦ તેમજ ટ્રક મળી કુલ રૂ.૫૦.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃતિ નાબુદ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારને ખાનગી રાહે બામતી મળી હતી કે હિંમતનગર હાઈ વે રોડ તરફથી એક બંધ બોડીની ટ્રક નં.આર.જે.૪૬.જી.એ.-૪૮૪૩ માં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે. જે ચિલોડા થઈ અમદાવાદ તરફ જવાની છે. બાતમીને પગલે એલસીબી-૨ પોલીસે પાલજ બ્રિજના છેડા પાસે વોચ ગોઠવી દીધી હતી. તે સમયે હિંમતનગર તરફથી બાતમી વાળી ટ્રક દેખાતા તેને રોડની સાઈડમાં ઉભી રખાવી હતી. ટ્રકના ચાલક અને બાજુમાં બેઠેલ વ્યકિતને નામ મોહનલાલ ખેતરારામ સારણ (ચૌધરી) (રહે ધનાઉં, શ્રીરામવાલા મંદિરવાલા તા.ચૌટન જી બાડમેર રાજસ્થાન), જોગારામ પ્રહલાદરામ જાટ (ચૌધરી) (રહે. હાથીતલા ગામ, સ્ટેશન રોડ ટોલપ્લાઝા તાજી.બાડમેર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રકમાં તપાસ કરતા ઘઉંના ભુસાની આડમાં વિદેશી દારૂની ૮૬૩ પેટી મળી આવી હતી. પોલીસે રૂ.૪૦.૧૨ લાખની કિંમતની દારૂની ૧૦,૩૫૬ બોટલ મળી આવી હતી.જયારે ડ્રાઈવરે કબુલાત કરી હતી કે ચંદીગઢ થી ટ્રકમાં એક મોબાઈલ ફોન ધારકે દારૂ ભરી આપ્યો હતો. અમદાવાદ રીંગ રોડ સતીમાતા હોટલ ખાતે પહોંચીને ફોન કરવાનો હતો.ત્યા આવીને કોઈ શખ્સ ટ્રક લઈ જવાનો હતો. પોલીસે ટ્રક કિં.૧૦ લાખ, રોકડા રૂ.૧૦,૫૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૨ કિં.૧૦ હજાર, દારૂ.કિં.૪૦,૧૨ લાખ મળી કુલ રૂ.૫૦.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સે. ૨ માં શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિ, સે. ૨ તરફથી ફક્ત સે. ૨ માં રહેતા એ ચાલુ વર્ષ માર્ચ-૨૦૨૩માં ધો. ૧૦ અને ધો. ૧૨માં (સાયન્સ, કોમર્સ અને આર્ટસ) ફેકલ્ટીમાં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે. ધો. ૧૦ માં ૯૦ પર્સન્ટાઈ તથા ધો. ૧૨માં ૯૦ પર્સન્ટાઈ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને પારિતોષિક શીલ્ડ (સૌજન્ય-કિશોર કલાસીસ, ગાંધીનગર) રૂબરૂમાં ગણેશ મહોત્સવ દરમ્યાન તા. ૨૫-૯-૨૩ મંગળવારના રોજ સન્માન સાથે આપવામાં આવશે, બાકીના વિદ્યાર્થીઓને તેજ દિવસે આશ્વાસન ઈનામ આપવામાં આવશે. નિયત કરાયેલ ટકાવારી મેળવનારે જ તેઓની પ્રમાણીત કરેલ માર્કશીટની નકલ (સરનામા, મોબાઈલ નંબર તેમજ સ્કૂલનું નામની વિગત દર્શાવતી) બે પાસપોર્ટ સાઈઝના ફોટ તેમજ સે. ૨ ના વસાહતી હોવાનો આધાર પુરાવા સાથે તા. ૧૦-૯-૨૩ સુધીમાં જયેશ રાવત પ્લોટ નં. ૧૫૮૯/૧, સે. ૨-સી ગણેશ ચોક, ગાંધીનગરને જમા કરાવવાની રહેશે. ત્યારબાદ માર્કશીટની નકલ સ્વીકારવામાં આવશે નહી. સદર બાબતે કોઈપણ પૂછપરછ માટે ભાવીન પરમાર મો. નં. ૯૭૭૩૪૬૯૪૪૬ અથવા જોન્ટી ડિસોઝાનો મો. નં. ૮૧૪૧૦૮૩૮૭૮ પર સંપર્ક કરવાનો રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે.



આજકાલ માર્ગો પર અકસ્માતોની વધતી સંખ્યા ચિંતાનું કારણ બની રહી છે. એક તરફ ટ્રાફિકના નિયમોના પાલનમાં બેદરકારી આ માટે જવાબદાર છે ત્યારે બીજી તરફ કેટલીક ઘટનાઓ પણ અકસ્માત સર્જતી જોવા મળે છે. જેમકે ગાંધીનગરના ઘ-૩ સર્કલ પાસે રોડ પર કોઈ વાહનમાંથી ઓઈલ ઢોળાયું હતું જેના કારણે અનેક ટુ-વ્હિલર ચાલકો લપસીને પડી જવા પામ્યાં હતા.

## સેકટર-૧૬ માં સેકશન ઓફિસરના ઘરમાંથી રૂ.૫૦ હજારની ચોરી


**અધિકારી પરિવાર સાથે મામાના ઘરે ગયા અને તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું, સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ ફરાર**



ગાંધીનગર, તા.૧૯

શહેરમાં ઘરફોડી ચોરીનો ઉપદ્રવ ખુબ જ વધી ગયો છે. તસ્કરો ગમે તે સમયે બંધ મકાનને નિશાન બનાવી ચોરીને અંજામ આપે છે. ત્યારે સેકટર-૧૬ ખાતે ચ ટાઈપના રહેણાંક વિસ્તારમાં સેકશન ઓફિસરના ઘરમાંથી રૂ.૫૦ હજારની ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઘરના તાળા તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના લઈ રફુચકકર થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૬ ચ ટાઈપ બ્લોક નં.૬૧-૧ ખાતે રહેતા પ્રદ્યુમનસિંહ રણજીતસિંહ વાઘેલા સચિવાલયમાં બ્લોક નં.-૮માં પંચાયત વિભાગમાં સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે.ગતરોજ સવારે તેઓ મકાન બંધ કરીને પરિવાર સાથે મામાના ઘરે ગાંધીનગરના રતનપુર ગામે ગયા હતા. મામાના ઘરે દિવસ પસાર કરી સાંજના સમયે તેઓ પરત ફર્યા હતા. તે સમયે ઘરના મુખ્ય દરવાજાનું લોક તુટેલી હાલતમાં હતું અને ઘર અંદરથી બંધ હાલતમાં જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. પ્રદ્યુમનસિંહ ઘરની પાછળ જઈને જોયુ તો દરવાજો ખુલ્લો હતો. ત્યારબાદ ઘરની અંદર જઈને તપાસ કરતા તિજોરીમાં રહેલો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના તસ્કરો લઈ ગયા હતા. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા તિજોરીમાં રહેલી સોનાની ચેઈન પેંડલ સાથેની તેમજ ત્રણ સોનાના પેંડલ, ચાંદીની પાયલ નંગ-૨ અને રોકડા રૂ.૩૫૦૦ મળી કુલ રૂ.૫૦ હજારની ચીજવસ્તુઓ ચોરી કરી નાસી ગયા છે. બનાવ અંગે પ્રધ્યુમનસિંહે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## GTU સાઈટ પરથી લોખંડના સળીયા ચોરી કરનાર ત્રણ ઝડપાયા



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના લેકાવાડા ગામમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની બાંધકામ સાઈટ પરથી લોખંડના સળીયાની ચોરી કરનાર ત્રણ શખ્સોને મુદ્દામાલ સાથે એલસીબી પોલીસે પકડી પાડી ચિલોડા પોલીસ મથકે નોંધાયેલા ચોરીનો ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા.

તે સમયે એએસઆઈ ભવાનસિંહ અને રાજેન્દ્રસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. જેથી કેતનકુમાર રમેસજી ઠાકોર (રહે. કોલવડા ગામ ચાંમુડાપુરા તાજી ગાંધીનગર), રણજીત ઉર્ફે ટીનો હેમાજી ઠાકોર (રહે. આદરજ મોટી ગામ, મહાદેવવાળો વાસ તાજી ગાંધીનગર), અને વિહતસિંહ ઉર્ફે રાજુજી બાબુસિંહ ચૌહાણ (રહે. નાના પોયડા ગામ રામદેવપીર મંદિર નજીક તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા) ને ચોરીના લોખંડના સળીયા સાથે ઝડપી પાડ્યા હતા.

પોલીસે લોખંડના સળીયાની ભારી નંગ-૬૦ વજન -૪૨૧૫ કિ.ગ્રામ. કિં.રૂ.૨,૫૨,૯૦૦ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે આરોપીઓની પુછપરછ કરતા તેઓએ કબુલાત કરી હતી કે ત્રણેય દિવસ અગાઉ ગાંધીનગરના લેકાવાડ ગામની સીમમાં નવી બની રહેલી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની બાંધકામ સાઈટ પરથી લોખંડના સળીયાની ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસે ચિલોડા પોલીસ મથકે તપાસ કરતા ચોરીનો ગુનો નોંધાયો હતો.

જયારે એલસીબી-૧ પોલીસે ચિલોડા પોલીસ મથકમાં નોંધાયેલ સળીયા ચોરીનો ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

## ઘરફોડ-કેબલચોરી, વાહનચોરી સહિત ૫૦ ગુના આચરનાર ટોળકી ઝડપાઈ

**એલસીબી પોલીસે ૭ શખ્સોને રૂ.૧૮.૩૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા**



ગાંધીનગર,તા.૧૯

બોરકુવા ઉપરથી કેબલ વાયર ચોરી, ઘરફોડ ચોરી, બાઈક ચોરી તેમજ બેટરી ચોરી કરી તરખાટ મચાવનાર ટોળકીના ૭ સભ્યોને રૂ.૧૮.૩૦ લાખના ચોરીના મુદ્દામાલ સાથે એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે. ગાંધીનગર અને અન્ય જિલ્લાના ૫૦ થી વધુ ગુનાઓનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ ડી.બી.વાળા અને એચ.પી.પરમાર દ્વારા વિવિધ ટીમો એકટીવ કરી હતી. આ દરમિયાન નોંધાયેલા ગુનાઓનું સ્કુટીની કરવામાં આવતા માણસા તાલુકાના ગામોની સીમના ખેતરમાં આવેલા બોરકુવાના કેબલ વાયરોની ચોરીનું પ્રમાણ વધી ગયુ હતું. તેમાં કોઈ સ્થાનિક ટોળકી દ્વારા ચોકકસ પ્રકારના ગુના કરવામાં આવતા હોવાની ધારણાને પગલે બાતમીદારોને સક્રિય કર્યા હતા. ત્યારે ગત તા.૨૯ જુલાઈના રોજ માણસાના બજારમાં આવેલી ઉમિયા મોબાઈલ નામની દુકાનમાં એક ખાસ એમઓથી ચોરી થઈ હતી. જેમાં ચોર શખ્સોએ કોલેજના મેદાનમાંથી દુકાનના પાછળના ભાગે દિવાલમાં બાકોરૂ પાડી પ્રવેશ કરી તેમાંથી મોબાઈલ સહિત રૂ.૧૮ લાખની ચોરીને અંજામ આપ્યો હતો.

ત્યારે હાલના હાઈટેક સમયમાં જુનવાણી પદ્ધતિથી ચોરી કરવામાં આવતા સ્થાનિક ટોળકી હોવાની શંકા દ્રઢ થતા શંકાસ્પદ શખ્સો સામે વોચ ગોઠવી હતી. ત્યારે એએસઆઈ હર્ષરાજસિંહ અને કોન્સ્ટેબલ પ્રદિપસિંહ ચાવડાને સંયુકત બાતમી મળતી પેથાપુર ખાતેથી દિલિપજી ઉર્ફે દીલો ઉર્ફે દીલુભા બળદેવજી અંબાલાલ ઠાકોર (ઉં.૨૩,હાલ રહે. પેથાપુર ગામ અક્ષત વિલા બંગ્લોઝની બાજુમાં વિસત ગોલ્ડની સામે ખેતરમાં છાપરામાં મુળ રહે પેથાપુર ગામ ભાથીવાળો વાસ રામજી મંદિર પાસે), ગોવિંદજી પ્રતાપજી ઠાકોર(રહે. ઘનશ્યામનગર માણેકપુર ગામ તા.માણસા ગાંધીનગર), વિનોદજી ભવાનજી ઠાકોર (રહે.જુનો ઠાકોરવાસ પીંડારડા), વિશાલજી ઉર્ફે કાળો જયંતિજી ઠાકોર (રહે. ઘનશ્યામનગર માણેકપુર ગામ), પારસભાઈ ગોવિંદભાઈ ચાવડા (રહે. હોન્ડા શો રૂમની બાજુમાં ચૌહાણ બાપુના પીજીમાં ભાડેથી સે-૨૮ મુળ રહે. ડબગર શેરી ખારગેટ મહુવા જી ભાવનગર), અભિષેક ઉર્ફે અભિ રાજેશ જૈન (રહે.એ.૨૭ મહેંદી કુવા મ્યુનિસિપલ સ્ટાફ કવાટર્સ શાહપુર અમદાવાદ), અને પરેશ ડાહ્યાભાઈ ઠાકોર (રહે. માણેકપુર ગોગા ફાર્મ થી માણેકપુર ગામથી લિંબોદરા ગામ રોડ માણસા જી ગાંધીનગર), ને પકડી પાડ્યા હતા. જયારે પોલીસે ટોળકીના સભ્યોની સઘન પુછતાછ કરતા દિલિપજી ઉર્ફે દિલો ગોવિંદ ઠાકોર ટોળખીનો મુખ્ય સુત્રધાર હોવાનું સામે આવ્યું છે. આ ટોળકીએ જિલ્લામાં ૨૧ ગુનાને અંજામ આપ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત ૫૦ થી ઘરફોડ અને કેબલચોરીના ગુનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.

ટોળકી પાસેથી ૬૫ મોબાઈલ, સ્માર્ટ વોચ નંગ-૨, એરપોડ્સ, ત્રણ ટુ-વ્હીલર, બે બેટરી સહિત કુલ રૂ.૧૮ .૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ટોળકીએ ગાંધીનગર શહેર જિલ્લામાં તેમજ આસપાસના વિસ્તારમાં ઘરફોડ, કેબલ ચોરી, વાહનચોરી, બેટરીચોરી, સહિત નાના મોટા ગલ્લાઓને પણ નિશાન બનાવ્યા હતા. જયારે ગાંધીનગરમાં ૨૧ ગુનાઓને અંજામ આપ્યો હોવાનું ધ્યાને આવ્યું છે.



ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી જલિયાણા સેવા ગૃપ દ્વારા અવિરત સેવા કાર્યોની સરવાણી ચલાવાય છે જેને પાંચ વર્ષ પૂર્ણ થયાં છે. આ પ્રસંગે સંસ્થા દ્વારા સેક્ટર-૨૮ની મૂક બધિર શાળાના બાળકોને નાસ્તા અને ફળોનું વિતરણ કરાયું હતું.

## સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા નિઃશુલ્ક શિવ મહિમ્ન પાઠનું આયોજન

સે. ૧૬ના બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા નિઃશુલ્ક શિવ મહિમ્ન પાઠનું આયોજન કરવામાં આવેલ છે જે અનુસાર તા. ૨૦-૮-૨૩ના રોજ દિલીપભાઈ રાવલ પ્રમુખ એલ્સીયમ સરગાસણ, તા. ૨૧-૮-૨૩ના રોજ શર્મિષ્ઠાબેન દવે, સે. ૨-એ, ૬૫/૧, તા. ૨૩-૮-૨૩ના રોજ મુંજાલભાઈ રાવલ પ્રમુખ પેસીફીક, સરગાસણ, તા. ૨૫-૮-૨૩ના રોજ વર્ષાબેન શુકલ, દેવશરણમ્ બી-૫૦૪, સરગાસણ, તા. ૨૬-૮-૨૩ના રોજ પ્રવિણભાઈ કે. રાવલ, શાયોના હાઈટ્સ, સરગાસણ, તા. ૨૭-૮-૨૩ ના રોજ મમતાબેન કે. દવે - શુકનવિલા બી-૫૦૨ સરગાસણ અને તા. ૨૮-૮-૨૩ના રોજ પ્રીતિબેન કે. દવે - શિવાલય શરણમ્ બી-૮૦૩ સરગાસણ ખાતે યોજાશે.

## ચિલોડા રોડ બાજુના અડચણ રૂપ દબાણો હટાવવાની ઝુંબેશ ચલાવી



ગાંધીનગર,તા.૧૯

ચિલોડા થી ગાંધીનગર હાઈવે રોડ સર્વિસ રોડ તેમજ ચિલોડા સર્કલ ત્રિભેટે નજીક ગાંધીનગર સાદરા રોડ ચિલોડા પોલીસ મથક સામે આવેલા અડચણ રૂપ હાઈ વે ઓથોરિટી દ્વારા જેસીબી મશીનથી અક્ષર સ્વેતું સ્કેર કોમલેકસ ની સામે રોડની બાજુમાં સર્વિસ રોડ નર્સરી વિસ્તાર પાસે સાદરા શાક ભાજી પાથરણાં વાળા લારી ગલ્લા તેમજ અન્ય દબાણો હટાવવા ની મોટી ઝુંબેશ સવારથી મોડી સાંજ સુધી. અધિકારીતથા પોલીસ ખડેપગે તૈનાત કરી દૂર કરવાની કામગીરી થી લોકો મોટી સંખ્યામાં જોવા ઉમટ્યા હતા આ અંગે નાના મોટા વેપારીઓ માં દબાણ દૂર અંગે તરહ તરહની અટકળો અને ચર્ચા નું જોર પકડ્યું હતું



કણાલબેન રાવલ બહમ અગૃણી ને રાજ્ય ના શ્રેષ્ઠ શિક્ષક નો ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ મળતા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ના મુખ્ય સંગઠક ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી.એડવોકેટે આજરોજ સમાજ વતી સન્માન કરેલ

**ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે**

## ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા એસોચેમ દ્વારા પરિષદ

ગાંધીનગર,તા.૧૯

આજે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા એસોચેમ દ્વારા ગુજરાત નેશનલ લો યુનવર્સિટી અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે પરિષદ યોજાઈ હતી.




આ પરિષદમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે ૨૧ મી સદીમાં ભારત વિશ્વ માટે શિક્ષણ ક્ષેત્રે પથદર્શક બની રહ્યું છે. ગુલામીના ઈતિહાસને કારણે ભારતીયોને જે શીખવાનું બાકી હતું તે આજના સમયમાં શીખી રહ્યા છે. ભારતની મોટી મોટી યુનિવર્સિટીઓમાં શાસ્ત્રોનું જ્ઞાન આપાયું છે. પ્રવર્તમાન ટેકનોલોજીના યુગમાં ભારતીયોએ શાસ્ત્રોની સાથે સાથે તકનીકી જ્ઞાન પણ મેળવવું આવશ્યક છે.

મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ થકી ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નવી શૈક્ષણિક નીતિથી દેશમાં શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ આવશે.